ફાયનાન્સિયલ એક્સપ્રેસ | અમદાવાદ, શનિવાર, તા. ૨૧ મે, ૨૦૨૨

**Alembic** Touching Lives over 100 years

## એલેમ્બિક ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ

CIN: L24230GJ2010PLC061123
રજીસ્ટર્ડ ઓફિસ : એલેમ્બિક રોડ, વડોદરા - ૩૯૦ ૦૦૩
ફોન : +૯૧ ૨૬૫ ૨૨૮૦૫૫૦
ઈ–મેલ : apl.investors@alembic.co.in
વેબસાઈટ : www.alembicpharmaceuticals.com

## નોટીસ
### (કંપનીના ઈક્વિટી શેર્સ ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ (IEPF) માં તબદિલ કરવા બાબત)

આ નોટીસ ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ ઓથોરીટી (એકાઉન્ટીંગ, ઓડીટ, ટ્રાન્સફર એન્ડ રીફંડ) રૂલ્સ, ૨૦૧૬ અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવી છે. આ નિયમોમાં, અન્ય બાબતો ઉપરાંત, એવા બધા જ શેર્સ જેના ઉપર સતત સાત વર્ષો સુધી ડીવીડન્ડ ચૂકવાયું નથી કે શેરધારક દ્વારા માંગણી કરાઈ નથી તે ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ (IEPF)નાં ડીમેટ ખાતામાં ટ્રાન્સફર કરવાની જોગવાઈ છે.

નિયમોમાં નિર્ધારિત વિવિધ આવશ્યકતાઓનું પાલન કરતા, કંપનીએ જેમના શેર આ નિયમો અન્વયે IEPF ડીમેટ ખાતામાં ટ્રાન્સફર કરવા પાત્ર થાય છે તે લાગતા વળગતા બધા જ શેરધારકોને વ્યક્તિગત રીતે યોગ્ય કાર્યવાહી કરવા જાણ કરી છે.

કંપનીએ આવા શેરધારકોની વિગતો જેવી કે નામ અને ફોલીઓ નંબર/ ડીપી આઈડી, ક્લાયન્ટ આઈડી નીચે દર્શાવેલ વેબલીંક ઉપર મુકેલ છે:
https://alembicpharmaceuticals.com/iepf/

દરેક નાણાંકીય વર્ષમાં માંગણી નહી કરાયેલ ડીવીડન્ડની વિગતો નીચે દર્શાવેલ વેબલીંક પર ઉપલબ્ધ છે:
https://alembicpharmaceuticals.com/unpaid-unclaimed-dividend/

શેરધારકોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ વિગતોને ચકાશે અને તેમના માંગણી નહી કરાયેલ ડિવિડન્ડનો દાવો તરત જ કરે.

જેમના શેર્સ IEPF ડીમેટ ખાતામાં ટ્રાન્સફર થવા પાત્ર છે તેવા શેરધારકોએ નોંધ લેવી કે તેમના શેર્સ ફીઝીકલ કે ઈલેકટ્રોનિક ફોર્મમાં, નિયમોમાં આપેલ કાર્યપદ્ધતિ પ્રમાણે IEPF ડીમેટખાતામાં ટ્રાન્સફર કરવામાં આવશે. ફીઝીકલ ફોર્મમાં શેર્સ ધરાવતા શેરધારકોના સંદર્ભમાં, IEPF ના ડીમેટ ખાતામાં શેર્સના સ્થાનાંતરણ પછી, તેમના નામ પર નોંધાયેલા મૂળ શેર સર્ટીફીકેટો આપોઆપ રદ થઇ જશે અને બિન વાટાઘાટપાત્ર (નોન - નેગોશીયેબલ) માનવામાં આવશે. ડીમેટ ફોર્મમાં શેર્સ ધરાવતા શેરધારકોના સંદર્ભમાં, કંપની તેમના ખાતામાં રહેલા શેર્સ ને IEPF ડીમેટ ખાતાની તરફેણમાં ટ્રાન્સફર કરવા માટે કોર્પોરેટ એક્શન દ્વારા સંબંધિત ડિપોઝિટરી ને જાણ કરશે.

શેરધારકોએ વધુમાં નોંધ લેવી કે કંપનીએ પોતાની વેબસાઇટ ઉપર મુકેલી વિગતો કંપની દ્વારા આ નિયમો અનુસાર નવા શેર સર્ટિફિકેટ જારી કરવા અને IEPF ડીમેટ ખાતામાં ટ્રાન્સફર કરવા માટે પૂરતી નોટિસ તરીકે ગણાશે.

જો ૨૦મી ઓગષ્ટ, ૨૦૨૨ અથવા કંપની દ્વારા લંબાવવામાં આવેલી અન્ય તારીખ સુધીમાં સંબંધિત શેર ધારકો તરફથી કોઇ સુચના પ્રાપ્ત નહીં થાય તો નિયમોમાં કરાયેલી જોગવાઈના અનુપાલનમાં આ શેર્સ નિયત તારીખે તે નિયમોમાં આપેલી કાર્યપધ્ધતિ પ્રમાણે કંપનીના કોઇપણ પ્રકારની આગળની કાર્યવાહી અથવા જવાબદારી વગર IEPF ડીમેટ ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવશે.

શેર ધારકોએ નોંધ લેવી કે IEPF માં ટ્રાન્સફર થયેલા, ન ચુકવાયેલા ડીવીડન્ડ અને શેર્સ અને તેમની ઉપર મળી શકતા બધા લાભો, જો કોઈ હોય તો, સહીત નિયમ પ્રમાણેની કાર્યપદ્ધતિ મુજબ IEPF ઓથોરીટી પાસેથી વેબ ફોર્મ IEPF-5 ભરીને પરત મેળવી શકશે.

જો શેરધારકોને આ વિષયમાં કે નિયમો અંગે કોઈ પ્રશ્ન હોય તો તેઓ કંપનીના રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ્સ લીંક ઈન ટાઈમ ઈન્ડીયા પ્રા. લી. બી-૧૦૨-૧૦૩ શાંગ્રીલા કોમ્પ્લેક્સ, ૧લા માળે, રાધાકૃષ્ણ ચાર રસ્તા પાસે, અકોટા, વડોદરા - ૩૯૦ ૦૨૦. ફોન નં. +૯૧ ૨૬૫ ૨૩૫૬૫૭૩, ૬૧૩૬૦૦૦ ઈ-મેલ : vadodara@linkintime.co.in નો સંપર્ક કરે.

**એલેમ્બિક ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ વતી,**
સહી/-
**ચરનદીપ સિંઘ સલુજા**
કંપની સેક્રેટરી

સ્થળ: વડોદરા
તારીખ: ૨૦મી મે, ૨૦૨૨

આ નોટીસ કંપનીની વેબસાઇટ **www.alembicpharmaceuticals.com** ઉપર ઇનવેસ્ટર સેક્શનમાં અને સ્ટોક એક્સચેન્જની વેબસાઇટ **www.nseindia.com** અને **www.bseindia.com** ઉપર કોર્પોરેટ એનાઉન્સમેન્ટ સેક્શનમાં પણ ઉપલબ્ધ છે.